# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી                                                    તા. ૦૪-૦૬-૨૦૨૨

- **ભાજપ સરકારમાં મધ્યાહન ભોજન યોજનાના કામ કરતા કર્મચારી સંચાલકને રોજ માત્ર રૂ. ૪૮/- અને સહાયકને રોજના રૂ. ૧૦ જેટલુ નજીવુ વેતન ચુકવાય છે : ડૉ. મનિષ દોશી**
- **મધ્યાહન ભોજન કર્મચારીઓને કાયમી કરીને "મનરેગા" જેટલું રોજનું વેતન આપવામાં આવે.**
- **છેલ્લા ચાર મહિનાથી મધ્યાહન ભોજન કર્મચારીઓને વેતન ચુકવાતુ નથી.**
- **આંગણવાડી, આશાવર્કર, મધ્યાહન ભોજન સહિતના હજારો કર્મચારીઓને નજીવુ વેતન ચુકવીને ભાજપ સરકાર સતત આર્થિક શોષણ કરી રહી છે.**

રાજ્યના ૩૮૦૦૦ કરતા વધુ શાળામાં બાવન લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ માટે મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓને સદંતર નજીવું વેતન ચુકવી શ્રમીક કાયદા – લઘુત્તમ વેતન કાયદાનું ઉલ્લંઘન કરતી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓનો દૈનિક પગાર માત્ર ૪૮ રૂપિયા, જ્યારે રસોઈયાને દૈનિક ૧૬ રૂ. જેટલું વેતન (જ્યાં સંખ્યા ઓછી હોય ત્યાં) મળી રહ્યું છે. મનરેગા કરતા પાંચમા ભાગનું એટલે કે માત્ર રૂ. ૪૮ પ્રતિદિન વેતન થી પરિવારનું ગુજરાન કેવી રીતે ચલાવવું ? ભાજપ સરકાર જવાબ આપે. મધ્યાહન ભોજન સંચાલકને માસિક રૂ. ૧૬૦૦/-, રસોઈવાળાને રૂ. ૫૦૦/- થી ૧૪૦૦ રૂ અને મદદનીશને માસિક રૂ. ૩૦૦ થી ૫૦૦ રૂ. જેટલુ નજીવી વેતન સરકાર ચૂકવી રહી છે. ગેસ સીલીન્ડરના ૧૦૩૦ રૂ., જ્યારે મધ્યાહન ભોજનના કર્મચારીનું માસિક વેતન રૂ. ૧૪૦૦/- એટલે કે પરિવારે મહિને એક ગેસ સીલીન્ડર ખરીદી કરવાની જરૂર પડે ત્યારે, જીવન જરૂરીયાતની ચીજવસ્તુ – ખોરાક કઈ રીતે ખરીદવા ? પોન્ડેચરીમાં ૨૧૦૦૦, કેરાલામાં રૂ. ૧૪૦૦૦/-, તામિલનાડુમાં ૯૦૦૦/- જ્યારે, ગુજરાતમાં મધ્યાહન ભોજન કર્મચારીને માત્ર રૂ. ૧૪૦૦ થી ૧૬૦૦/- ત્યારે, ગુજરાતની ૩૮,૦૦૦ સરકારી શાળામાં કામ કરતા મધ્યાહન ભોજન યોજનામાં કામ કરતા કર્મચારીઓનું ગુજરાતમાં જ કેમ અતિ નજીવુ વેતન ? જાન્યુઆરી ૨૦૨૨ પછી મધ્યાહનભોજન કર્મચારીને વેતન ચૂકવાયુ નથી, મધ્યાહન ભોજના યોજનામાં જરૂરી નાણાંકીય ભારત સરકાર ૪૦ ટકા અને ગુજરાત સરકાર ૬૦ ટકા ચૂકવે છે. મનરેગાના કામ કરતા શ્રમિકો કરતા પાંચમા ભાગનું એટલે કે માત્ર ૪૮ રૂપિયા પ્રતિદિન મળી રહ્યા છે. મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ - મહિલાઓના આર્થિક શોષણ માટે માત્રને માત્ર ભાજપ સરકાર જવાબદાર છે. વારંવારની રજુઆત છતાં ભાજપ સરકાર મધ્યાહન ભોજન, આશાવર્કર, આંગણવાડી સહિતના કર્મચારીઓની વ્યાજબી માંગણી ન સાંભળીને અન્યાય કરી રહી છે. હાલમાં આ મહિલાઓની હાલત બદથી બદતર થતી જાય છે. સતત વધતી જતી મોંઘવારીના સમયમાં ઘર ચલાવવુ ખૂબ જ મુશ્કેલ થતુ જાય છે. ત્યારે, મધ્યાહન ભોજન કર્મચારીઓને કાયમી કરીને "મનરેગા" જેટલું ઓછામાં ઓછુ રોજીંદુ વેતન આપવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા